દસમીએ વિધાનસભાનું એક દિવસીય સત્ર મળશે

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભાનું એક દિવસીય સત્ર આગામી ૧૦મી મે ના રોજ બોલાવવામાં આવશે.

રાજ્ય સરકાર સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યાનુસાર માર્ચમાં સત્ર સમાપ્તી વેળાએ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે એક દિવસીય સત્ર બોલાવવામાં આવશે તેવા સંકેત આપ્યા હતા.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જીએસટી બિલ લોકસભા-રાજ્યસભામાં પસાર થઈ ગયુ છે હવે તેના અમલીકરણ માટેનો માર્ગ મોકળો બને તે માટે આ એક દિવસીય સત્ર બોલાવવામાં આવશે. આ ઉપરાંત સરકાર દ્વારા એકાદ સુધારા વિધેયક પણ રજુ કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

સરકાર સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા પ્રમાણે મે ના બીજા પખવાડિયાથી રાજ્યમાં કૃષિ મહોત્સવના કાર્યક્રમો શરૂ થઈ રહ્યા છે તેમજ જૂનમાં શાળા પ્રવેશોત્સવ અને વન મહોત્સવના કાર્યક્રમોનું પણ આયોજન છે.

વિધાનસભામાં પણ મે ના બીજા પખવાડિયાથી સમિતિની બેઠકો માટેનું વેકેશન જાહેર થશે એટલે ૧૦મી મે ની આસપાસ આ સત્ર બોલાવવામાં આવશે.

હાલ વિધાનસભાનું રિનોવેશનનું કામ પણ ચાલી રહ્યુ છે. એટલે એક દિવસનું જ સત્ર બોલાવવાનું મુનાસિબ સરકાર માની રહી છે. જો કે વિપક્ષે સત્ર ઓછામાં ઓછુ ત્રણ થી સાત દિવસનું બોલાવવા તેમજ કેગ અને જસ્ટીસ એમ.બી. શાહ કમિશન પર ચર્ચાની માંગ પણ કરી છે. જો કે સરકાર એક જ દિવસનું સત્ર બોલાવવા મક્કમ હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

સર્જનાત્મક શક્તિ - વેકેશનના પ્રારંભ સાથે જ શહેરમાં બાળકોની આંતરિક શક્તિના વિકાસ માટે વિવિધ શિબિરો આરંભાય છે... શહેરમાં અનેક સંસ્થાઓ દ્વારા સર્જનાત્મક શક્તિના વિકાસ માટે વૈવિધ્યપૂર્ણ વિષયો સાથે શિબિરો યોજાય છે... આત્મવિશ્વાસનું નિર્માણ થાય અને આંતરિક શક્તિની અભિવ્યક્તિની તક મળે, આ મૂળભૂત હેતુ સાથે વ્યક્તિ નિર્માણ અને સમાજ નિર્માણનું કામ ઉમળકાપૂર્વક ચાલે છે...

સેકટરોની શેરીઓ ઘમરોળતા મશીન મેઈડ રસના કોલા સામે અનેક સવાલો

નામ નંબર વગરના ૫૦ શેરડીના રસના હરતા ફરતા કોલા સેકટરોની શેરીઓ ઘમરોળે છે : ટ્રાફિકના નિતી નિયમો સહીત સુરક્ષા અને પ્રદુષણ સહીતના અનેક સવાલો જાગૃત નાગરિકોને સતાવે છે

ગાંધીનગર તા ૨૩

શહેરમાં હાલ આકરી ગરમીની ઋતુમાં ઠંડા પીણાં તેમજ બરફનુ ધુમ વેચાણ થાય છે. પરંતુ શેરડીના રસના કોલાથી લઈ બરફના ગોળાના વેચાણ સંદર્ભે ગુણવત્તા ચકાસણી અંગે તંત્ર હજુ પણ નિષ્ક્રીય છે. ત્યારે સેકટરોની શેરીઓમાં શેરડીના રસના વેચાણ અર્થે નિકળતા કોલાવાળાના નંબર વગરના વાહનો પણ કયા નિયમોને આધીન દોડી રહયા છે તે અંગે પણ અનેક પ્રશ્નો જાગૃત નગરજનોને સતાવી રહયા છે. નામ નંબર પ્લેટ કે લાયસન્સની ચકાસણી વિના જ સેકટરોમાં આવા ૫૦ જેટલા કોલાવાળા આંટા મારે છે. પરંતુ આમ નાગરિકોને સતત નિયમો બતાવતા તંત્રને આ વાતની ફિકર નથી. ત્યારે ટ્રાફિક નિયમન ,પ્રદુષણ અન સલામતી સહીતના અનેક પ્રશ્નો નગરના જનજીવન માટે ચિંતાનુ કારણ બન્યા છે.

આકરી ગરમીના દિવસોમાં નાગરિકો ઠંડા થવા માટે જાત ભાતના ઠંડા પીણા પીને કુલ કુલ અનુભવે છે. આ ઉપરાંત રાત્રિના સમયે પણ નગરના આઈસ્ક્રીમ પાર્લરો તેમજ રસના કોલાવાળા ઉપરાંત બરફ ગોળાની લારીઓ પર નગરજનોની ભીડ જોવા મળે છે. ત્યારે લારી ગલ્લા પર વેચાણ થતા બરફની સાથે અન્ય પીણાંઓની ગુણવત્તા સામે સૌ સવાલો મંડરાય તેવી સ્થિતિ છે. પરંતુ સ્થાનિક તંત્ર હજુ આ વાતને ગંભીરતાથી ન લેતુ હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. આવા સંજોગોમાં શેરડીના રસના કોલાવાળાની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. સેકટરોમાં સ્થાનિક પોઈન્ટ પર સ્થિત કોલાઓ ઉપરાંત નગરના વિવિધ વિસ્તારોમાં મશીન મેઇડ હરતા ફરતા શેરડીના કોલા નગરજનોને ઘરઆંગણે શેરડીનો રસ પીરસે છે. પરંતુ ઓઈલ એન્જિનથી ફરતા કોલા નામ નંબર વગરના હોવા છતા ટ્રાફિકના નિયમોના અમલવારી અંગે કોઇ

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં બે માસમાં ૭૫ ખેતતલાવડી બનાવાશે

વરસાદી પાણીના સંગ્રહ માટે ગ્રામવિકાસ એજન્સીએ કરેલો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આગામી બે માસ દરમ્યાન ૭૫ જેટલી ખેતતલાવડીઓનું નિર્માણ કરવામાં આવશે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આ અંગેનો રોડમેપ તૈયાર કરી દેવામાં આવ્યો છે. ત્રણ તાલુકામાં ૨૦-૨૦ તથા એક તાલુકામાં ૧૫ ખેતતલાવડીઓ બનાવવામાં આવશે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં જળસંચયના કામોને અગ્રતા આપવા અંગેના લેવાયેલા નિર્ણયને પગલે આ ખેતતલાવડીઓ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લામાં કુદરતી પાણીની સંગ્રહશક્તિમાં વધારો થશે. હાલ જિલ્લામાં સિંચાઈના સીમીત સાધનો છે ત્યારે આ ખેત તલાવડીનો અભિગમ જિલ્લાની કૃષિમાં નવો વેગ લાવશે તેમ માનવામાં આવી રહ્યું છે.

જિલ્લો આમેય ભૂગર્ભ જળના ઓવર એકસ્પ્લોઈટેશન કેટેગરીમાં આવે છે. ખેત તલાવડીને કારણે ખેતરનું પાણી ખેતરમાં રહેશે તેમજ જમીનમાં ભેજ વધતાં ઉગાવામાં તેની અનુકૂળ અસરો જોવા મળશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં નર્મદા કેનાલને કારણે પાંચ હજાર હેક્ટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થઈ શકી છે. સંત સરોવર પ્રોજેક્ટને કારણે ૪૮૦૦ હેક્ટરમાં ભૂગર્ભ જળની સપાટીમાં સુધારો કરવામાં તંત્રને સફળતા મળી હોવાનું સૂત્રોએ સ્વીકાર્યું છે.

માણસા, કલોલ અને દહેગામમાં ૨૦-૨૦ તેમજ ગાંધીનગરમાં ૧૫ ખેત તલાવડીઓ મનરેગા અંતર્ગત નિર્માણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું ગ્રામ વિકાસ એજન્સીના સૂત્રોએ જણાવ્યું છે.

ગૌરવ દિવસની ઉજવણી સાથે વિકાસ પર્વની ઉજવણી પણ કરાશે

૨૯, ૩૦ એપ્રિલ અને ૧લી મે ખાસ કાર્યક્રમો : બીએસએફ, સીઆરપીએફ બેન્ડના વિશેષ કાર્યક્રમ ઉપરાંત વિકાસના કામોના લોકાર્પણ કાર્યક્રમો યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યના સ્થાપના દિવસની ઉજવણી ત્રણ દિવસ દરમ્યાન જુદા જુદા કાર્યક્રમો થકી કરવામાં આવશે.

સરકારે સ્થાપના દિવસની ઉજવણી ગૌરવ દિવસ તરીકે કરવાના કરેલા નિર્ણયને પગલે જિલ્લાતંત્ર દ્વારા આ અંગેનું આયોજન તૈયાર કરી આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

એક દિવસ ગુજરાતની દુર્લભ તસવીરો તેમજ નગરની ગઈકાલ અને આજને ઉજાગર કરતી તસવીરોનું પ્રદર્શન, યોગ દિવસ ઉજવવા માટે, રન ફોર ગુજરાતનું આયોજન તેમજ લોકડાયરો ઉપરાંત બે અલગ અલગ દિવસે બીએસએફ

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં આજથી મેલેરિયા માટે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ

૧૩૦૦થી વધુ કર્મચારીઓ સર્વેલન્સમાં જોડાશે : સાડાતેર લાખથી વધુ વસ્તીને આવરી લેવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૩

મેલેરિયા અંગે જિલ્લામાં આજથી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવશે. એક દિવસ અગાઉ નિયત કરાયેલ કાર્યક્રમ કરતાં હાથ ધરવાનો નિર્ણય જિલ્લાતંત્રએ કર્યો છે.

જિલ્લાની ૧૩ લાખથી વધુ વસ્તીને આ સર્વેલન્સમાં આવરી લેવાનું આયોજન છે. આ માટે ૧૫૮ મલ્ટીપરપઝ વર્કર, ૧૯૭ ફિમેલ હેલ્થ વર્કર અને ૯૩૬ આશા વર્કર દ્વારા આ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે પ્રથમ દિવસે જ ૩૫ જેટલા ગામોને આવરી લેવામાં આવે તે રીતે આયોજન કરવામાં આવેલ છે. આ સર્વેલન્સમાં તાવના દર્દી શોધવા ઉપરાંત દરેકને પાંચ પ્રશ્નો પુછવામાં આવશે. જેમાં તાવ આવવાની ફરિયાદ ઉપરાંત બહારગામ જઈને આવ્યા હોય ને તાવ આવતો હોય તો તેની વિગતો તેમજ ઘરમાં બહારગામની કોઈ વ્યક્તી આવી હોય અને તેને તાવ હોય તેવા પ્રશ્નો પુછાશે.

આ સર્વેલન્સ દરમ્યાન મચ્છરોના પોરા શોધવા, બ્લડના નમૂના લેવા સહિતની કામગીરી પણ કરવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જે રીતે હીટવેવ હતો અને વાતાવરણમાં બદલાવ થઈ રહ્યો છે તેને ધ્યાને રાખી તેમજ વેસ્ટર્ન ડીસ્ટર્બન્સને લઈ સ્થાનિક ફિનોવેલને આધારે કમોસમી વરસાદ થાય તો કોઈ રોગચાળાની સ્થિતિ ના થાય તે માટે તંત્ર પહેલેથી પાળ બાંધી રહ્યુ હોય તેવુ લાગે છે.

રાજ્ય સરકારે પણ ૧૦૪ની ફ્રી ટેલિફોન સેવા મેલેરિયા નાબુદી અભિયાન માટે શરૂ કરવાનો નિર્ણય કરેલ છે અને તે અંગે વિધાનસભામાં

● અનુસંધાન પાન-૭ પર

પંચાયતના સરપંચને આકસ્મિક સ્થિતિમાં ખર્ચ કરવા માટે પાંચ હજાર અપાશે

ગાંધીનગર, તા. ૨૩

રાજ્ય સરકારે દરેક ગ્રામ પંચાયતના સરપંચને રૂ. પાંચ હજારની આકસ્મિક ખર્ચ નીધિ આપવાનો નિર્ણય કર્યો છે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ કુદરતી આપદા સમયે તેમજ અસાધારણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સરપંચને રૂ. પાંચ હજારનો તાત્કાલિક ખર્ચ કરવાની સત્તા સાથે ગ્રાન્ટની ફાળવણી કરી દેવામાં આવી છે.

રાજ્યમાં સરપંચોને સત્તા વધુ આપવા સહિતના ઘણા બધા મુદ્દાઓ અંગે સરકારમાં વિચારણા હાથ પર હતી. જે પૈકી આકસ્મિક ખર્ચ માટે રૂ. પાંચ હજારની વિશેષ ગ્રાન્ટ ફાળવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે પંચાયતી રાજ વ્યવસ્થામાં પંચાયતોને આર્થિક રીતે વધુ સદ્ધર બનાવવા માટેની જાહેરાત કરી હતી તેના અનુસંધાને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com